RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-10
October-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# બાળ શ્રમિકો: સામાજિક-આર્થિક સ્થિતિ

Dilipkumar Ashokbhai Ode

*Ph.D Research Scholar, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat, Gujarat (India)*

## ૧. પ્રસ્તાવના

ભારત માટે બાળ–મજૂરીનો પ્રશ્ન અત્યંત જટીલ છે. શાળાએ જઈ મિત્રો સાથે આનંદ કિલ્લોલ કરવાનો મા–બાપની નજીક રહેવાના દિવસોમાં બાળકને કોઈ કારખાને કે અન્યત્ર મજૂરી કરવા જવું પડે તે સ્થિતિને કોઈ હિસાબે વ્યાજબી ઠેરવી શકાય નહીં વિશ્વના દેશો આજે ભૌતિક વિકાસના ઉંચા લક્ષ્યાંકો સિદ્ધ કરવાની સ્પર્ધામાં ઉતર્યા છે. મહત્તમ સુખાકારી અને સમાન અધિકારોની વિચારધારા વધુને વધુ મજબુત બનતી જાય છે. ભારત વૈશ્વિક અર્થતંત્રના મોરચે ઉમદા કામગીરી કરીને દુનિયા ભરની પ્રશસ્તિ મેળવીને આર્થિક વિકાસ અને વૃદ્ધિ પ્રાપ્ત કરવાની તત્પરતામાં નવી સિદ્ધિઓનાં સોપાનો સર કરી રહ્યું છે તેની વિશ્વના વિકસિત અને વિકસતા દેશોએ નોંધ પણ લીધી છે. આવી સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા બાદ પણ ઘર આંગણાની કેટલીય સમસ્યાઓ આપણે દૂર કરી શકયા નથી. અનેક આર્થિક–સામાજિક પ્રશ્નો ભારત માટે ગંભીર બની ગયા છે. જેમાં ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, બાળ–મજૂરી વગેરેનો સમાવેશ થાય છે.

'બાળ–શ્રમિક'શબ્દ સાંભળતા જ હૃદયગ્લાની અનુભવે છે. સમગ્ર દેશ માટે,સમાજ માટે એક કલંક સમાન આ શબ્દે વિશ્વ આખાનો ભરડો લીધો છે. સમગ્ર વિશ્વમાં ૨૪.૬ કરોડ કરતા પણ વધુ બાળકો મજૂરી કરી પોતાના પરિવારના જીવન નિર્વાહમાં સહયોગ આપે છે. દારૂણ ગરીબીથી પીડાતા, ગરીબી રેખાથી નીચે જીવતા કેટલાંક કુટુંબોના બાળકો પ્રાથમિક સ્કૂલમાંથી જ પોતાનો અભ્યાસ છોડીને કારખાનામાં,હોટલોમાં, ચાની લારી પર, બૂટ–પોલીસ તેમજ અગરબતી બનાવવાની કામગીરીમાં જોડાયેલા હોય છે. આજનો બાળક એ આવતીકાલનો નાગરિક છે. પરંતુ આવતીકાલનું એ ઉજ્જવળ ભવિષ્ય જોવા માટે આંખમાં સ્વપ્ન સેવે એ પહેલા તો એને પોતાના માલિકના શારીરિક–માનસિક ત્રાસ દર્શાવતો ચહેરો નજર સમક્ષ આવે છે. કોઈપણ દેશની સાચી સંપત્તિએ દેશના યુવાનો છે. બાળક ભણી–ગણીને જે ઈમારત ચણે છે તેના ઉપર સમાજ ઉભો હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઈન્ટરનેટ અને કોમ્પ્યુટરના હાઈટેક યુગમાં ભવિષ્યના અનેક સ્વપ્નશીલ યુવાનોનું બાળપણ મજૂરી કરવામાં વીતી જાય છે. અનિચ્છાએ મજબૂરી વશ બાળકને ભણવાની અને રમવાની ઉંમરમાં કામે જવું પડે છે. આ કરૂણ સ્થિતિ માત્ર ભારતમાં જ નથી પરંતુ એશિયા અને લેટીન અમેરિકાના અનેક પ્રદેશોમાં પણ તે જોવા મળે છે.

બાળ–મજૂરીએ એવો ગંભીર પ્રશ્ન છે જેનાં કારણે બાળકના ભવિષ્ય સામે એક પ્રશ્નાર્થ ઉભો થાય છે તેના ભવિષ્ય સામે જાણે કે અંધકારનો ઓળો ઉભરી આવતો હોય છે. લોકશાહી દેશમાં સંગઠિત અને અસંગઠિત એવા બે વિભાગ હોય છે. સંગઠિત વિભાગમાં રાજ્યનો કાયદો હોવાથી તેમાં બાળ–શ્રમિકને તક મળતી નથી તેથી તેમાં બાળ–શ્રમિકોનો પ્રશ્ન લગભગ અસ્તિત્વ ધરાવતો નથી. અસંગઠિત વિભાગમાં જ બાળ–શ્રમિકની સમસ્યા છે. ભારતમાં બંધારણની કલમ ૨૪માં સ્પષ્ટ જોગવાઈ છે કે ૧૪ વર્ષથી નીચેના કોઈપણ બાળકને જોખમી વ્યવસાયમાં શ્રમિક તરીકે રાખી શકાશે નહીં. દેશની સંસદમાં પણ ફરજિયાત પ્રાથમિક શિક્ષણનું વિધેયક પસાર કરવામાં આવ્યું છે. આમ છતાં ઉદ્યોગો–કારખાનાઓથી ધમધમતા મોટા શહેરોમાં એક પણ ખૂણો એવો નહીં હોય જયાં બાળ–શ્રમિક જોવા ન મળે ! અસહય ભાવ વધારાથી જીવનધોરણને સામાન્ય સ્તર પર ટકાવવું અઘરૂં બન્યું છે. ઘરમાં આવકનું અપૂરતું પ્રમાણ, નાની ઉંમરે માતા–પિતાના મૃત્યુ, મોટું કુટુંબના કારણે ગરીબી અને બેકારીના ખપ્પરમાં પિસાતા વિષચક્રમાંથી 'બાળ–શ્રમિક' નો ઉદ્ભવ થાય છે.

બાળ સમાજ એ વિશ્વના કોઈપણ દેશ માટે પ્રતિક સ્વરૂપે નહીં, પરંતુ દેશની સંપદાના રૂપમાં હોય છે જેના પર દેશનું ભવિષ્ય આધાર રાખે છે. કોઈપણ સમાજ કે દેશના બાળકો જેટલા શિસ્તબદ્ધ, ક્રિયાશીલ, સ્વસ્થ અને તાલિમયુકત હશે તેટલું તે દેશનું ભવિષ્ય ઉજળું હશે. બાળ સમાજ કોઈપણ રાષ્ટ્રની ધરોહર છે. જે દેશ સામેના પડકારો નિવારવા સહયોગી બની રહે છે. તેમજ સમય સમય પર આવતી સમસ્યાઓનો સામનો પણ કરી શકે છે.

બાળ શ્રમિક એ બાળકની રોજગારીને લાગે વળગે છે. જે લોકો નિયમિત અને કાયમી રીતે શ્રમ કરે છે. આ આચરણને ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા શોષણ માનવામાં આવે છે અને ઘણા દેશોમાં તે ગેરકાયદેસર છે. ઈતિહાસમાં મોટેભાગે વિવિધ રીતે બાળ શ્રમિકનો ઉપયોગ થતો આવ્યો છે, પરંતુ વ્યાપક શાળાનો પ્રારંભ થતાં, ઔદ્યોગિકરણની કામની પરિસ્થિતિમાં ફેરફાર આવવાની સાથે કામદારો અને બાળકોના હક્કનો ખ્યાલ ઉત્પન્ન થતા આ મુદ્દો જાહેર વિવાદ બની ગયો છે.

વિશ્વના કેટલાક ભાગોમાં બાળ શ્રમિકો સામાન્ય બાબત છે, જેમાં ફેકટરી કામ, ખાણ કામગીરી, વેશ્યાગીરી, પથ્થરની ખાણ, ખેતી, માતા-પિતાના કારોબારમાં મદદ, કોઈનો નાનો વ્યવસાય હસ્તગત કરવો (ઉદા.

© RRIJM 2015, All Rights Reserved

તરીકે ખાદ્ય સામગ્રી વેચવી), અથવા વિચિત્ર કામગીરી કરવી જેવા ક્ષેત્રે બાળ શ્રમિક સામાન્ય છે. કેટલાક બાળકો પ્રવાસીઓ માટે માર્ગદર્શનું કામ કરે છે, કેટલીકવાર દુકાનો રેસ્ટોરન્ટ(જ્યાં તેઓ વેઈટર તરીકે પણ કામ કરે છે) માં પણ કામ કરે છે. કેટલાક બાળકોને બોક્સ ભેગા કરવા, બૂટને પોલીશ કરવી, સ્ટોરની પેદાશોનો સંગ્રહ કરવો અથવા સફાઈ કરવી જેવા કંટાળાજનક અને પરિવર્તીત કામ કરવા માટે બળજબરીપૂર્વક ફરજ પાડવામાં આવે છે. જોકે, ફેકટરીઓ અને મિલો સિવાય પણ મોટાભાગની બાળ કામગીરી બિનઔપચારિક ક્ષેત્રોમાં સ્થાન લે છે, શેરીઓમાં વિવિધ ચીજોનું વેચાણ કરવું, ખેતી કરવી અથવા સત્તાવાર શ્રમ અધિકારીઓ જેમ કે લેબર ઈન્સપેક્ટર અને માધ્યમોથી ઘરોમાં છૂપાઈને બેસવું જેવું પણ કરવું પડે છે. અને તેઓ જે કંઇ કામ કરે છે તેઓ તે દરેક હવામાનમાં કરે છે, અને તે પણ ઓછામાં ઓછા વેતન સાથે કરવું પડે છે.જ્યાં સુધી પારિવારિક ગરીબી પ્રવર્તે છે ત્યાં સુધી બાળ શ્રમિકનું અસ્તિત્વ રહેશે. યુનિસેફના જણાવ્યા અનુસાર ઘરગથ્થુ બાળ શ્રમિકને બાદ કરતાં વિશ્વભરમાં અંદાજે ૫ થી ૧૪ વર્ષની વયના બાળકોની સંખ્યા ૧૫૮ મિલીયન છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાઓ બાળ શ્રમિકની પ્રવૃત્તિને શોષણ ગણે છે, યુ.એન.ના આર્ટિકલમાં ૩૨ બાળકોના હક્ક અંગેની સભામાં ટાંકવામાં આવ્યું છે કે, *"બાળકોના હક્કોનું રક્ષણ થવું જોઈએ અને તેમનું આર્થિક શોષણ અટકાવવું જોઈએ અને જેમાં નુકશાન થવાની શક્યતા વધુ તેવા કામ કરતા તેમને અટકાવવા જોઈએ અથવા બાળકના શિક્ષણમાં દરમિયાનગીરી કરવી અથવા બાળકની તંદુરસ્તી જોખમમાં હોય અથવા શારીરિક, માનસિક અથવા સામાજિક વિકાસ અવરોધાતો હોય તેવા હક્કોને રાજ્ય સરકારે ઓળખી કાઢ્યા છે. આમ છતાં વૈશ્વિક ધોરણે અંદાજિત ૨૫૦ મિલીયન બાળકો કામ કરે છે."*

ઘણા વિકસિત દેશોમાં જો બાલક ઘરગથ્થુ કામ અથવા શાળાના કામ સિવાયની બાબતમાં ચોક્કસ ઉંમર કરતાં ઓછી વયનો હોય તો તે શોષણયુક્ત અને અયોગ્ય માનવામાં આવે છે. રોજગારદાતાને પણ ચોક્કસ વયથી ઓછી વય ધરાવતા બાળકને કામે રાખવાની મંજૂરી અપાતી નથી. આ ઓછામાં ઓછી વયનો આધાર જે તે દેશ પર છે; અમેરિકાના બાળ શ્રમિકોના નિયમોમાં ૧૬ વર્ષની વયને માતા-પિતાની સંમતિ અને નિયંત્રણ વિના જ જે તે સંસ્થામાં કામ કરવાની ઓછામાં ઓછી વય નિર્ધારીત કરવામાં આવી છે.

ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન, ચાર વર્ષની વયના બાળકોને જે તે ફેકટરીઓમાં ઉત્પાદન થતું હોય તેવા જોખમી અને ઘણી વખત મૃત્યુમાં પરીણમે તેવી કામની પરિસ્થિતિમાં કામે લગાડવામાં આવ્યા હતા. કામદાર તરીકે બાળકોના ઉપયોગની આ સમજણને આધારે શ્રીમંત દેશો દ્વારા માનવ અધિકારનું ઉલ્લંઘન કરવું અને તેને કાયદામાંથી હાંકી કાઢવું એ વિચારવામાં આવ્યું છે, જ્યારે કેટલાક ગરીબ દેશો તેને મંજૂરી અપવાનું કે સહન કરવાનું વિચારી શકે છે. સોમાલિયા અને અમેરિકા સિવાય વિશ્વના દરેક દેશો ૧૯૯૦માં બાળકના હક્કો પરના સંમેલન, અથવા સીઆરસી સિગ્નેટરી બન્યા હતા. જો કે યુનાઈટેડ નેશન્સ ફાઉન્ડેશન સોમાલીયા એ ૨૦૦૨ ના સંમેલનમાં હસ્તાક્ષર કર્યા હતા. હસ્તાક્ષરમાં થયેલ વિલંબનું કારણ સંમેલનમાં હસ્તાક્ષર કરવા માટે સોમાલિયા પાસે સરકાર ન હતી. સીઆરસી આંતરરાષ્ટ્રીય કાનૂની ભાષા પ્રતિબંધક ગેરકાયદેસર બાળ શ્રમિક મજબૂત, સતત હિમાયત કરે છે; જો કે બાળક કામદારને ગેરકાયદે ઠરાવતું નથી.

ગરીબ પરિવારો ઘણીવાર પોતાના અસ્તિત્વ માટે પોતાના બાળકોની મજૂરી ઉપર આધાર રાખે છે, અને ઘણીવાર તે તેમના માટે આવકનો એકમાત્ર સ્ત્રોત બની જાય છે. આ પ્રકારના કામ હંમેશાં ઔદ્યોગિક ક્ષેત્રમાં આવતા નહી હોવાથી છૂપા રહે છે. બાળ શ્રમિકને ગુજરાનલક્ષી ખેતી અને શહેરી બિનઔપચારિક ક્ષેત્રમાં કામે રાખવામાં આવે છે; બાળ ઘરગથ્થુ કામ પણ અગત્યનું છે. બાળકોને ફાયદો થાય તે માટે બાળ કામદાર પ્રતિબંધે તેમને ટૂંકાગાળાની આવક અને લાંબાગાળાનું ભવિષ્ય એમ બેવડા પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. કેટલાક યુવા હક્ક જૂથો જો કે એવી લાગણી અનુભવે છે કે ચોક્કસ વયની નીચે કામ પર પ્રતિબંધ લાદવાથી માનવ હક્કોનું ઉલ્લંઘન થાય છે, બાળ વિકલ્પોમાં ઘટાડો કરે છે અને તેમને નાણાંની લાલસા પાછળ ધકેલી દેવામાં આવે છે.

૧૯૯૯માં વિશ્વભરમાં શરૂ થયેલી બાળ કામદાર વિરોધી વૈશ્વિક ચળવળ સમયે હજારો લોકો બાળ કામદાર વિરોધી એક સંદેશ આપવા માટે જોડાયા હતા. ૧૭ માર્ચ,૧૯૯૮માં પ્રારંભ થયેલી ચળવળ વિશ્વના દરેક ખૂણામાં સ્પર્શી હતી, તેમજ પુષ્કળ સતર્કતા જાગૃત કરી હતી અને લોકો એ ઊંચા ધોરણે પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ ચળવળ વિકાસની પારાકાષ્ઠા એ પહોંચીને અંતે ILO (International Labour Orgnization) કોન્ફરન્સમાં પરિણમી હતી. ચળવળકારોનો અવાજ સાંભળવામાં આવ્યો હતો અને બાળ શ્રમિકના ખરાબમાં ખરાબ સ્વરૂપ સામેના ILO કોન્ફરન્સના મુસદ્દામાં પ્રદર્શિત થયો હતો. તેના પછીના વર્ષે, જીનિવામાં ILO કોન્ફરન્સ સર્વ સંમતિથી યોજવામાં આવી હતી. આજે, ૧૬૯ દેશો એ સંમેલનને સ્વીકૃતિ આપી છે ત્યારે, તે ILO ના ઈતિહાસમાં સૌથી ઝડપથી સ્વીકૃત્તિ પામનાર સંમેલન સાબિત થયું હતું. તેમાં સૌથી મોટો ભાગ આપણા સભ્ય ભાગીદારો દ્વારા ભજવવામાં આવ્યો હતો.

"ધી ઈકોનોમિક્સ ઓફ ચાઈલ્ડ લેબર" પરના અમેરિકન ઈકોનોમિક રિવ્યુ (૧૯૯૮)માં એક પ્રભાવશાળી પેપરમાં કૌશિક બાસુ અને ફામ હોઆંગ વેને એવી દલીલ કરી છે કે બાળ શ્રમનું મુખ્ય કારણ માતા-પિતાની ગરીબી છે. તેમ હોવાથી, બાળ શ્રમિક વિરોધી કાયદાકીય કાનૂનના ઉપયોગ સામે તેઓ ચેતવણી ઉચ્ચારે છે અને એવી દલીલ કરે છે કે એવું માનવાનું કારણ હોય કે બાળ શ્રમિક પરનો પ્રતિબંધ વયસ્કોના વધારામાં પરિણમશે તે સમયે તેનો ઉપયોગ થવો જોઈએ અને ગરીબ બાળકોના માતા-પિતાને પૂરતું વળતર આપો. ભારત અને બાંગ્લાદેશ સહિતના દેશોમાં બાળ શ્રમિકોનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.C.A.C.L. (Canadian Association for Community

© RRIJM 2015, All Rights Reserved

Living) ના અંદાજ અનુસાર ભારતમાં ૭૦ થી ૮૦ મિલીયન બાળ શ્રમિકો છે. વિવિધ રાષ્ટ્રીય કાયદાઓ દર્શાવે છે કે ૧૪ વર્ષની નીચેનું કોઈપણ બાળક કામ કરી ન શકે, તેમ છતાં કાયદાને ઘણીવાર અવગણવામાં આવે છે. ૧૧ વર્ષની વયનું બાલક મીલમાં ૨૦ કલાક રોજગારીએ જાય છે અને અમેરિકી કંપનીઓ જેમ કે હેન્સ, વોલમાર્ટ અને ટાર્ગેટ માટે ચીજો બનાવે છે. કુલ ૨૨ ટકા બાળ શ્રમિકોના દરમાં બાળ શ્રમિકનો દર એશિયામાં ૬૧%, આફ્રિકામાં ૩૨% અને લેટિન અમેરિકામાં ૭% તેમજ અમેરિકા, કેનેડા, યુરોપ અને અન્ય શ્રીમંત દેશોમાં ૧% છે. લેટિન અમેરિકામાં ૧૭% શ્રમદળ બાળકો છે. બાળ શ્રમિકોનું પ્રમાણ વિવિધ દેશોમાં અલગ અલગ છે અને તે દેશોમાં વિવિધ પ્રદેશોમાં પણ અલગ અલગ છે. બાળ શ્રમને બંધ કરવા માટે ઘણીવાર પોલીસ જે લોકો બાળકોને કામે રાખતા હોય તેવી શંકાસ્પદ ફેક્ટરીઓમાં તપાસ કરે છે.

### વૈશ્વિક સ્તરે બાળ શ્રમિક

ILO દ્વારા પ્રકાશિત વર્ષ ૨૦૧૦ના "Global Child Lobour Development: Measuring Trends from 2008-2010" નામના અહેવાલ મુજબ વિશ્વમાં ૩૦૫ મિલિયન બાળકો કોઈને કોઈ આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલા જોવા મળે છે. જેમાં ૧૭૫ મિલિયન છોકરાઓ અને ૧૨૯ મિલિયન છોકરીઓનો સમાવેશ થાય છે. વિશ્વમાં કુલ કામદારોમાંથી ૬૦ ટકા બાળકો ખેતીક્ષેત્રમાં, ૨૫.૬ ટકા બાળકો સેવાક્ષેત્રમાં અને ૭ ટકા બાળકો ઔદ્યોગિકક્ષેત્રમાં અને ૭.૫ ટકા બાળકો અન્ય ક્ષેત્રમાં કામગીરી કરતા જોવા મળે છે.કુલ બાળ શ્રમિકોના ૯૦ ટકા જેટલા બાળકો આફ્રિકા અને એશિયાઈ દેશોમાં જોવા મળે છે. વિશ્વમાં સૌથી વધુ કામ કરતા બાળકોની સંખ્યા આફ્રિકામાં છે અને આ પ્રમાણ આશરે કુલ બાળ શ્રમિકોના ૧/૩ જેટલું છે. કેટલાક એશિયાઈ દેશોમાં કુલ શ્રમ દળમાં ૧૦ ટકાથી વધુ બાળ શ્રમિકો જોવા મળે છે.

### ભારતમાં બાળ શ્રમિક

યુનિસેફના વર્ષ ૨૦૧૫ના અહેવાલ મુજબ ભારતમાં ૨૮ મિલિયન બાળ શ્રમિકો છે. આમાંના ૫૦% થી વધુ બાળકો કૃષિક્ષેત્રમાં રોકાયેલા જોવા મળે છે. જ્યારે ૧/૩ કરતાં વધુ બાળકો કાપડના ભરત-ગૂંથણ, સુથારી કામ અને માચીસની સળી બનાવવા જેવા ઉદ્યોગોમાં રોકાયેલા જોવા મળે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ ભારતમાં સૌથી વધારે બાળ શ્રમિકોનું પ્રમાણ ઉત્તરપ્રદેશમાં જોવા મળ્યું છે, જે ૮૯૬૩૦૧ જેટલું હતું. જ્યારે સૌથી ઓછું બાળ શ્રમિકોનું પ્રમાણ ગોવામાં ૬૯૨૦ જેટલું હતું. સ બાબત ખુબ જ ગંભીર છે.

### ગુજરાતમાં બાળ શ્રમિક

NSSO (National Sample Survey Orgnization) દ્વારા પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ ગુજરાતમાં લગભગ ૪.૨ લાખ બાળ શ્રમિકો આવેલા છે. જેમાંથી ૩.૧૮ લાખ બાળ શ્રમિકો ગ્રામ વિસ્તારમાં અને ૧.૨ લાખ જેટલા શહેરી વિસ્તારમાં આવેલા છે. આ અહેવાલ મુજબ ગુજરાતમાં ૫ થી ૧૪ વર્ષની ઉંમરના ૨.૨% બાળ શ્રમિકો શહેરી વિસ્તારમાં અને ૪.૩% બાળ શ્રમિકો ગ્રામ વિસ્તારમાં આવેલા છે. ગુજરાતનો સમાવેશ ભારતમાં સૌથી વધુ બાળ શ્રમિક ધરાવતા રાજ્યોમાં છે.

## ૨. બાળ શ્રમિકનો અર્થ

બાળ–શ્રમિકની વ્યાખ્યા દેશ, કાળ અને પ્રદેશ મુજબ જુદી–જુદી ઉંમરના આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરતા બાળકને 'બાળ–શ્રમિક' કહેવાય છે. અર્થાત ૧૪ વર્ષથી નીચેની વયની વ્યક્તિ દ્વારા થતા અર્થોપાર્જનની પ્રવૃત્તિને બાળશ્રમ કહેવાય.

### *૧. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન : ILO*

વ્યાખ્યા આપતા જણાવે છે કે "જોખમી ધંધાઓ જેવા કે ખનિજોનું કામ કરવામાં બાળ–શ્રમિકોની ઓછામાં ઓછી ઉંમર ૧૮ વર્ષ નક્કી કરેલી છે જ્યારે સામાન્ય ધંધાઓ માટે લઘુતમ ઉંમર ૧૫ વર્ષ નક્કી કરેલી છે, જે બાળકોની ઉંમર જોખમી વ્યવસાયોમાં ૧૮ વર્ષ કરતા ઓછી હોય અને સામાન્ય વ્યવસાયમાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો કામ કરતાં હોય તેને બાળ–શ્રમિક કહેવાય છે."

બીજી રીતે કહીએ તો "બાળ–શ્રમિકોમાં એવા બાળકોનો સમાવેશ થાય છે કે જેઓ કુમળી વયે પુખ્ત ઉંમરના માણસ જેવું જીવન જીવે છે, વધુ કલાકો નીચા વેતનથી તેમના આરોગ્યને હાનિ થાય અને તેમના શારીરિક અને માનસિક વિકાસને નુકસાન પહોંચે તેવી પરિસ્થિતિઓમાં કામ કરે છે, જે વેતન મળે છે તેનાથી પોતાનું પૂરતુ પેટ પણ ભરાતું નથી. કેટલીક વખત આવા બાળકો તેમના કુટુંબથી અલગ થઈ જાય છે અને ઘણાંખરા કિસ્સામાં ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી એવા અર્થપૂર્ણ શિક્ષણ અને તાલિમની તકોથી વંચિત રહે છે તેને બાળ–શ્રમિક કહેવામાં આવે છે."

આ બાળ–શ્રમિકો – પુખ્ત વય કરતા નાના હોય છે, બાળ–શ્રમિકોમાં છોકરા અને છોકરીઓનો સમાવેશ થાય છે. નિમ્નતમ વેતન ચુકવવામાં આવે છે અને આવા બાળકો પાછળથી શોષિત વર્ગ તરીકે ઉભરી આવે છે.

### *૨. યુનિસેફ :UNICEF*

નાની ઉંમરે કામમાં જોડાવાને પરિણામે બાળકોના શારીરિક, માનસિક, જાતીય, સામાજિક અને આર્થિક શોષણ તેમજ બાળકોના મૂળભૂત હકોથી વંચિત થવાની સમસ્યાઓ બાબતે ધ્યાન ખેંચતી વ્યાખ્યા આપી છે.

તેમના મતે "અવેતન ઘરેલું કામોમાં કામ કરતા બાળકો શાળાએ ન જઈ શકે તો તે પણ બાળ–શ્રમિક કહેવાય. બાળકો દ્વારા એવી કોઈપણ આર્થિક કે બિનઆર્થિક પ્રવૃત્તિ ઘરમાં કે ઘરની બહાર કરવામાં આવે છે કે જેને પરિણામે બાળક શાળાએ જઈ શકે નહીં, ભણી શકે નહીં કે તેમનું શારીરિક, માનસિક, આર્થિક, જાતિય શોષણ થવાના પરિણામે બાળકનું આત્મગૌરવ હણાય તથા

બાળકનો સર્વાંગી વિકાસ અવરોધાય તો તેને બાળ–શ્રમિક કહેવાય."

## ૩. યુનાઈટેડ નેશન્સ તથા રોયલ કમિશન ઓન લેબર (બ્રિટીશ ઈન્ડિયા–૧૯૩૧)

એમનાં મત મુજબ "૧૫ વર્ષથી ઓછી વયના કામદારો બાળ–શ્રમિક કહેવાય મુખ્યત્વે બાળ–શ્રમિકનો પ્રશ્ન કામદારની વય સાથે સંકળાયેલ છે."

## ૪. આંતરરાષ્ટ્રીય બાળ–શ્રમિક હક્ક કરાર – ૧૯૮૯

મુજબ "૧૮ વર્ષથી નાના કામદારોને બાળ–શ્રમિકો કહેવામાં આવે છે."

## ૫. યુ.એન.ઓ.

સૌ પ્રથમ ૧૯૫૯માં બાળકોના અધિકારો અંગે, 'ડેકલેરેશન ઓફ ધી રાઈટસ ઓફ ધ ચાઈલ્ડ'ના નામે એક જાહેરનામું બહાર પાડયું હતું આ જાહેરનામામાં નોંધવામાં આવ્યું હતું કે "શારીરિક અને માનસિક અપરિપકવતાને કારણે બાળકને વિશેષ કાળજી અને કાયદાકીય રક્ષણ સહિતની સલામતી જન્મ પહેલા અને જન્મ પછી પણ જરૂર રહે છે " તે વિશેષમાં નોંધે છે કે માનવજાત આપી શકે તે સર્વોતમ બાબત બાળકને આપવા માટે ઋણી છે.

બાળકોના અધિકારો અંગેના આ જાહેરનામામાં યુ.એન. બાળકો માટે સ્વાસ્થ્ય, સામાજિક સલામતી, પ્રેમ અને હૂંફ, શિક્ષણ અને રમતગમત વગેરે સહિત વિકાસની તમામ તકો જરૂરી ગણે છે. માનવીય અધિકારોના ભાગરૂપે આ બાબતો ગણવામાં આવી છે.

૧૯૭૯માં યુ.એન.એ આંતરરાષ્ટ્રીય બાળ વર્ષની ઉજવણી કરી એ વખતે તેણે એક આંતરરાષ્ટ્રીય ઠરાવ બહાર પાડયો તેમાં પોતાની કામગીરી અને સભ્ય દેશોની પ્રવૃત્તિ અંગે સંતોષ વ્યકત કરી ભવિષ્યમાં બાળકોના ભાવિને વધુ ઉજ્જવળ અને સુદઢ બનાવવા માટે સભ્ય દેશોને અનુરોધ કર્યો.

**યુ.એન. દ્વારા થયેલા સૂચનો આ પ્રમાણે હતાં.**

- બાળકો અને માતાઓને લાભ થાય તેવા કાર્યક્રમો રાષ્ટ્રીય આયોજનની અંતર્ગત ગોઠવવા.
- જે–તે દેશમાં બાળકોની સમસ્યાઓ ઓળખવી, તેની છણાંવટ કરી અને આલેખન કરવું.
- બાળકોની શૈક્ષણિક, સ્વાસ્થ્ય વિષયક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક આવશ્યકતાઓ તેમજ અન્ય આવશ્યકતાઓ ઓળખીને તેને માટેના રાષ્ટ્રીય લક્ષ્યાંકો અને હેતુઓ નક્કી કરવા.
- બાળકો અંગેના ઉપરોકત અગ્રતાક્રમોને અનુલક્ષીને બજેટમાં સાધનોની વધુ ફાળવણી કરવી.

## ૩. ભારતના અસંગઠિત ક્ષેત્રમાં બાળ શ્રમિકોનું પ્રમાણઃ

### *૩.૧ ખેતીક્ષેત્ર :*

ભારતમાં ખેતીક્ષેત્ર અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે ભલે તે પ્રાથમિકરૂપમાં પરંપરાગત હોય પણ ખેતી વિષયક સમાજોમાં બાળકો દ્વારા કરવામાં આવતા કાર્યને સામાજિક પ્રક્રિયા, રૂઢિગત કે પરંપરાઓ ગણવામાં આવે છે અને આવું કાર્ય કરવા માટે બાળકના જ કુટુંબ દ્વારા દબાણ કરવામાં આવે છે. જયાં બાળકોને ખેતીવિષયક કામગીરી કે પશુપાલનના વ્યવસાયમાં કામે લગાડવામાં આવે છે આ પ્રકારના શારીરિક શ્રમમાં વધુ સમય કામ કરવું પડતુ હોવાથી બાળકને નિરક્ષર રહેવું પડે છે. આ ઉપરાંત ધનવાન જમીનદારો અને ખેડૂતો દ્વારા ધિરાણ આપવાની લાલચ આપીને ગરીબ કુટુંબના બાળકોને ત્યાં ખેતમજૂર તરીકે રાખવામાં આવે છે અને તેમનું શોષણ કરવામાં આવે છે.

આવા બાળ–શ્રમિકોના માતા–પિતાની નિરક્ષરતા અને કુટુંબની નબળી આર્થિક સ્થિતિ બાળકોને કૃષિક્ષેત્રે કામ કરવા મજબુર કરે છે આમ કૃષિક્ષેત્રે બાળ–શ્રમિકો જોવા મળે છે.

### *૩.૨ સેવા–ક્ષેત્ર :*

ભારતમાં સેવાક્ષેત્રમાં ખૂબજ મોટાપ્રમાણમાં બાળ–શ્રમિકો કામગીરી બજાવે છે. આ ક્ષેત્રમાં મુખ્યત્વે ઘરકામ, ચાની કીટલી કે લારી પર, નાની–નાની દુકાનોમાં, હોટલો, નાસ્તાગૃહો, લારી ખેંચવામાં, વર્તમાનપત્રોનું વેચાણ, સ્કુટર કે મોટર ગેરેજમાં, પ્લાસ્ટિક કે ભંગાર એકત્રિત કરવો, બગીચાની સફાઈ, રસ્તાઓ પર ઝાડું મારવું, વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓમાં બાળ–શ્રમિકો જોવા મળે છે.

આ ક્ષેત્રમાં પુખ્તવયના શ્રમિકો કરતા બાળ–શ્રમિકોને પ્રાથમિકતા આપવામાં આવે છે તેનું કારણ એ છે કે આ બધી જ પ્રવૃત્તિઓ અસંગઠિત ક્ષેત્ર હેઠળ આવે છે. આવા અસંગઠિત ક્ષેત્ર માટે કોઈ કાયદો કે પ્રત્યક્ષ નિયંત્રણો હોતા નથી તેથી તેના માલિકોને આ બાળ–શ્રમિક પ્રતિબંધ ધારાનું ઉલંઘન કરવું સરળ બને છે અને તેથી અહીં બાળ–શ્રમિકોનું શોષણ ખૂબજ વધારે થતું હોવાથી બાળ–શ્રમિકોની સ્થિતિ દયાજનક હોય છે અને કેટલીકવાર આવી શોષણની પરિસ્થિતિ જ બાળ અપરાધને જન્મ આપે છે. ઉપરાંત સરકારીતંત્રની મર્યાદાને કારણે બાળશ્રમ પ્રતિબંધક કાનૂન હોવા છતાં આ બધી જ પ્રવૃત્તિઓ પર સરકાર નિયંત્રણ રાખી શકતી નથી. જો કે છુટાછવાયા વિસ્તારમાં અનેક પ્રવૃત્તિઓમાં જોવા મળતા બાળ–શ્રમિકોને શોધવા અને તેમના માલિકો પર પ્રત્યક્ષ નિયંત્રણ રાખવું વહીવટી અને વ્યાવસાયિક દષ્ટિએ પણ સંપૂર્ણ સરળ નથી અને સરકાર પાસે એવી કોઈ નક્કર પદ્ધતિ નથી કે જેના દ્વારા બાળશ્રમ પ્રથા અટકાવી શકાય.

ભારતમાં બંધારણીય જોગવાઈઓ અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ ધારો હોવા છતાં આ સમસ્યામાંથી આપણે સંપૂર્ણ બહાર

© RRIJM 2015, All Rights Reserved 

નીકળી શકયા નથી અને બાળ–શ્રમિકની સમસ્યા ભારત જેવા લોકશાહી દેશ માટે શરમજનક ગણી શકાય.

### ૩.૩ ઔદ્યોગિક ક્ષેત્ર :

છેલ્લા કેટલાંક દાયકાથી ભારતમાં ઔદ્યોગિકક્ષેત્રે સતત પ્રગતિ જોવા મળેલી છે. ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસની સાથે–સાથે શહેરીકરણ પણ ઝડપથી થઈ રહ્યું છે. તેથી ગ્રામ્ય–શહેરી સ્થળાંતર વધી રહ્યું છે. શહેરીકરણે અનેક સમસ્યાઓને જન્મ આપ્યો છે તેથી ઘણાં કુટુંબોને પોતાના બાળકોને ફરજિયાત નાની વયે જ મજૂરીમાં જોડવા પડે છે. ઉપરાંત કેટલાંક બાળકો અનાથ હોય છે તેથી તેમના સગાઓ તરફથી શ્રમની કામગીરીમાં ફરજિયાત જોડાયેલા હોય છે.

પુખ્તવયના શ્રમિકોની સોદાશક્તિ બાળ–શ્રમિકો કરતા ખુબજ વધારે હોય છે તેથી કેટલાંક ઉદ્યોગોમાં પુખ્તવયના શ્રમિકો કરતા બાળ–શ્રમિકોને પસંદ કરવામાં આવે છે તે માટે મુખ્યત્વે નીચેની બાબતો જવાબદાર છે.

(૧) બાળ–શ્રમિકોનું સરળતાથી શોષણ થઈ શકે છે.
(૨) બાળ–શ્રમિકો ખૂબ જ સરળતાથી ઓછા વેતને મળી શકે છે.
(૩) બાળ–શ્રમિકો પોતાનું સંગઠન બનાવી શકતા નથી તેઓ અસંગઠિત હોય છે.
(૪) બાળ–શ્રમિકો માલિકો વિરૂધ અવાજ ઉઠાવી શકતા નથી.
(૫) બાળ–શ્રમિકો પૂરતા પ્રમાણમાં મળી રહે છે.
(૬) બાળ–શ્રમિકો પાસે પુખ્તવયના શ્રમિકો કરતા વધુ સમય કામ લઈ શકાય છે.

કેટલાંક ઉદ્યોગોમાં કામ કરતા બાળ–શ્રમિકોની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે.

*(૧) બીડી ઉદ્યોગ :*

કેરાલાનાં ત્રિચુર તેમજ તમિલનાડુના તિરૂચ્ચિનાપલ્લીમાં લગભગ ૮૦૦૦ બાળ–મજૂર બીડી બનાવવાનું કાર્ય કરે છે તેમાં સૌથી વધારે છોકરીઓ છે તે ૧૫ કલાક સુધી કામ કરે છે અને તેમાંથી મોટાભાગના બાળકો બીડી પીવાની કુટેવ ધરાવે છે.

ગુજરાતમાં ચરોતર પ્રદેશમાં તમાકુની ખરીમાં નોંધપાત્ર સંખ્યામાં બાળકો કામ કરે છે જે તેમના સ્વાસ્થ્ય માટે જોખમકારક છે.

*(૨) કાચઉદ્યોગ તથા ચિનાઈ માટીના વાસણો :*

ઉત્તરપ્રદેશ ફિરોજાબાદ સ્થિત કાચ ઉદ્યોગ (બંગડી ઉદ્યોગ)માં લગભગ ૮૦,૦૦૦ બાળ–શ્રમિકો કામ કરે છે અને તેઓ ખુબ જ ઊંચા તાપમાનમાં પણ ભઠ્ઠીઓની પાસે કામ કરે છે તેવી જ રીતે ઉત્તરપ્રદેશના ખૂર્જા નામના સ્થળે લગભગ ૧૫૦૦૦ બાળકો ચિનાઈ માટીના વાસણો બનાવવાનું કામ કરે છે.

*(૩) પથ્થરની ખાણો :*

આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં પથ્થરની ખાણોમાં લગભગ ૨૦૦૦૦ બાળ–શ્રમિકો કામ કરે છે જયારે મેઘાલયની ખાણોમાં લગભગ ૨૮૦૦૦ બાળ–શ્રમિકો કાર્ય કરે છે. તે બાળ–શ્રમિકો ૯૦ સે.મી. વ્યાસના પથ્થરો (ખાડા)ઓમાં કામ કરે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર પ્રદેશના દ્વારકાથી સોમનાથ સુધીના દરિયાઈ પટ્ટીવાળા વિસ્તારમાં પથ્થરની ખાણોમાં પણ બાળ–શ્રમિકો જોવા મળે છે. આ કાર્ય સખત પરિશ્રમવાળું છે તેથી તેઓ શારીરિક રીતે થાકી જાય છે તેમને પથ્થરમાં કે ધૂળમાં સતત કામ કરવાનું હોવાથી શ્વાસના, પથરીના રોગો વિશેષ થાય છે.

*(૪) મત્સ્ય ઉછેર કેન્દ્રો :*

કેરાલા મત્સ્ય કેન્દ્રોમાં તેમજ ગુજરાતના બંદરોમાં લગભગ ૨૦૦૦૦ થી ૩૦૦૦૦ બાળકો કાર્ય કરે છે અહીં છોકરાઓ માલ ઉતારવાનું અને છોકરીઓ માછલી કાપવાનું કામ કરે છે તેઓ બીડી અને તમાકુંનું સેવન કરતા પણ જણાય છે. કામના સ્થળનું વાતાવરણ પણ અત્યંત દૂષિત અને શ્વાસના રોગો જન્માવે તેવા પ્રકારનું હોય છે.

*(૫) અભિનયક્ષેત્રે :*

હાલમાં ફિલ્મો અને ટી.વી. સિરિયલોમાં ઘણી મોટી સંખ્યામાં બાળકો નાના–મોટા અભિનય કરતા હોય છે. વિદ્વાનો આ અંગે દ્વિધા અનુભવે છે કે આવા બાળકોને બાળ–શ્રમિકોમાં મૂકવા કે કેમ ? કારણ કે આવા બાળકો ભણવાની અને રમવાની ઉંમરે કામ કરતા હોય છે. કયારેક લોકપ્રિયતા કે પૈસાની લાલચમાં માતા–પિતા આ ક્ષેત્રે કામ કરવા બાળકોને મોકલતા હોય છે અને આ ક્ષેત્રે કાર્ય કરતા બાળકોને શિક્ષણના ભોગે કામ કરીને વિવિધ પ્રશ્નો અને કેટલીક વાર શોષણનો ભોગ બનવું પડતું હોય છે.

આમ, વર્તમાન સમયમાં ઉપરોકત વિવિધ ઉદ્યોગોમાં બાળ–શ્રમિકો કાર્ય કરતા જોવા મળે છે.

બાળકો માટેના વિવિધ જોખમી ક્ષેત્રો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

(૧) હિરાઉદ્યોગ
(૨) કાચ અને બંગડી
(૩) બીડી બનાવવી
(૪) કાર્પેટ મેકીંગ
(૫) ફટાકડા અને માચિસનું ઉત્પાદન
(૬) હોઝીયરી

આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા બાળ–મજૂરો ટી.બી., કેન્સર, શ્વાસની બિમારી, ચામડીના વિવિધ રોગો, કેનફોસિસ, ફોટોલીયા, દમ વગેરે જેવી ઘાતક બિમારીથી પિડાતા હોય છે. તેમની સારવાર પણ માલિક કરાવતા નથી અને બિમારી દરમિયાન

પડતી રજાઓનો પગાર પણ બાળ–શ્રમિકોને ચુકવવામાં આવતો નથી. ઘણીવાર કામ દરમિયાન બાળકોને માલિક દ્વારા મારપીટ પણ કરવામાં આવે છે. ઘણી વખત બાળ–શ્રમિકો પ્રત્યેનો માલિકનો વ્યવહાર અમાનવીય હોય છે.

ખાસ કરીને જે ઉદ્યોગોમાં બાળકોના સ્વાસ્થ્યને નુકસાન થાય તેમ છે તેવા ઉદ્યોગોમાં બાળકોને અનેક રોગોના ભોગ બનવું પડે છે ખૂબ જ નાની ઉંમરમાં સખત કામ કરવું પડતું હોવાથી આવા બાળ–શ્રમિકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ જાય છે પરિણામે તેઓ કેટલાંક રોગના ભોગ બને છે.

બાળકો જે ક્ષેત્રમાં કામગીરી કરે છે તે ક્ષેત્રમાં કઈ–કઈ બિમારીઓ આવે છે તેની

માહિતી નીચે કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

**બાળકો જે ક્ષેત્રમાં કામગીરી કરે છે તે ક્ષેત્રમાં કઈ–કઈ બિમારીઓ આવે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ક્ષેત્ર | રોગ |
|---|---|---|
| ૧. | કાચ અને બંગડી | દમ, બળતરા, ઈજાઓ |
| ૨. | હીરાઉદ્યોગ | નેત્રરોગ, વિકૃતિ |
| ૩. | પાવરલૂમ્સ | ક્ષય, દમ, બળતરા, બહેરાશ |
| ૪. | માચીસ ઉદ્યોગ | અકસ્માત, વિકલાંગતા |
| ૫. | બીડી ઉદ્યોગ | ક્ષય, શ્વાસનળી પર સોજો, દમ |
| ૬. | સ્લેટ | સિલીકોસીસ |
| ૭. | ફુગ્ગા બનાવવા | દમ, ન્યૂમોનિયા, શ્વસનતંત્રના રોગ |

## ૪. ઉપસંહાર:

સામાન્ય રીતે આર્થિક વિકાસમાં અને તેની પ્રક્રિયામાં જો કોઈનો ભોગ લેવાતો હોય તો તે શ્રમિક વર્ગનો લેવાતો હોય છે. શ્રમ–ધોરણનો મુદ્દો વિશ્વ વ્યાપારમાં પણ અનેક વખત ચર્ચાઈ ચૂકયો છે. આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પ્રમાણ વધે છે તેની સાથોસાથ શ્રમિક વર્ગના જીવન ધોરણમાં સુધારો થાય છે. શ્રમ ધોરણોમાં સુધારો કરવા માટે ધનિક દેશો અલ્પ વિકસિત દેશો પર દબાણ લાવે છે. તેમની આ પ્રકારની નીતિ પ્રથમ નજરે જોઈએ તો આવકારદાયક લાગે છે. પરંતુ તેમની આ પ્રકારની નીતિમાં શ્રમિકોના કલ્યાણની સાથે–સાથે તેમનું હિત પણ સમાયેલું જોવા મળે છે.

અલ્પવિકસિત દેશોમાં શ્રમનો પુરવઠો વધારે છે પરિણામે શ્રમ સસ્તો છે એટલે કે શ્રમિકોને સસ્તા દરે વેતન ચુકવવામાં આવે છે અને તેની લીધે ઉત્પાદન ખર્ચ ઓછું આવે છે. આથી ઓછા ઉત્પાદન ખર્ચે જે વસ્તુઓ ઉત્પાદન કરવામાં આવે છે તેની વેચાણ કિંમત પણ ઓછી છે. આમ, વિકસિત દેશોમાં જે વસ્તુઓનું ઉત્પાદન થાય છે તેના કરતા ગરીબ દેશોમાં ઉત્પાદન થતી વસ્તુઓ સસ્તી હોય છે પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં સમૃદ્ધ દેશોમાં ઉત્પાદન થયેલી વસ્તુઓ કરતા ગરીબ દેશોમાં ઉત્પાદન થયેલી વસ્તુઓની માંગ વધારે જોવા મળે છે. એટલે કે સમૃદ્ધ દેશોની વસ્તુઓની નિકાસ કરતા ગરીબ દેશોની વસ્તુઓની નિકાસો વધે, આથી શ્રમના ધોરણોના નામે ગરીબ દેશોમાં ઉત્પાદન થતી વસ્તુઓના ઉત્પાદનખર્ચમાં શ્રમિકોનું ખર્ચ વધે તેના માટેનો કિમીયો ઉભો કરાય છે. બાળ–શ્રમિકો દ્વારા ઉત્પાદન થયેલી વસ્તુઓ સમૃદ્ધ દેશો ન ખરીદે એમાં બાળ–શ્રમિકો પ્રત્યે હમદર્દી અને ચિંતા છે તેના કરતા વધારે તો તેમની નિકાસ વધતી અટકે નહીં અથવા પોતાના ઉદ્યોગો બંધ ન થાય તેની ચિંતા વિશેષ છે તેમ જણાય છે. બાળશ્રમ નાબૂદ થાય તે આવકારદાયક છે પરંતુ પ્રશ્ન એ છે કે અચાનક જ વૈશ્વિકીકરણની આ પ્રક્રિયામાં ગરીબ દેશોના બાળ–શ્રમિકો પ્રત્યે સમૃદ્ધ દેશોના માધાંતાઓને આટલો બધો પ્રેમ કેમ ઉભો થયો છે તે જાણવા જેવી બાબત છે.

## સંદર્ભ સૂચિ:


1. Ahmad, Ashhad. 2004. " *Child Labour",* Kalpaz Publications, Delhi, P No- 31-35 Ahuja, Ram. 2010. "Social Problems in India", Rawat Publication, Jaipur, P No-234-239
2. Bhargava, Gopal. 2003."Child Labour", Kalpaz Publications, Delhi-P No - 337-345
3. Government of Gujarat, "State Action Plan for Elimination of the Child Labour", Child Right Cell, Mahatma Gandhi Labour Institute, Ahmadabad. P No – 1-10
4. Social Welfare, Vol-58, no -8, November 2011 P No-18
5. Desai Kiran and Raj Nikhil, *Child Labour in Diamond Industry of Surat,* V. V. Giri National Labour Institute, 2001.
6. Devasia Leelamma and Devasia V. V., *Girl Child in India,* Ashish Publishing House, New Delhi, 2001.
7. Kannan K. P., *Economics of Child Labour,* Deep and Deep Publication Pvt. Ltd., New Delhi, 2001.


© RRIJM 2015, All Rights Reserved

8. Mehta P. L. and Jaswal S. S., *Child Labour and the Law,* Deep and Deep Publication Pvt. Ltd., New Delhi, 1996.
9. S. N. Malhotra, *Labour Problem in India,* S. Chand and Co.Publication, New Delhi, 1976.
10. R. B. Lal, *Towards a movement for children to end child labour,* Centre for Social Studies, University Campus, Surat, 1998.
11. Srinivasan, *Child Labour Multi Dimensional Problem,* AjantaPublication, Delhi, 1993.
12. Shukla C. K. and Ali S., *Encyclopaedia of Child Labour Priorities for 21st Century, Vol. 3,* Sarup and Sons, New Delhi,2000.
13. Merchant Amrapali, *Child Labour,* Centre for Social Studies,University Campus, Surat, 1998.
14. Murty, S., *Child Labour in India,* RBSA Publishers, Jaipur, 2001.
15. Dave, Harshida, *Child Labour in Ahmedabad City,* Centre for Social Studies, University Campus, Surat, 1998.

© RRIJM 2015, All Rights Reserved 